# વર્ષ ૨૦૦૯ : મહત્વના પ્રશ્નો (સેટ – ૧)
# વિભાગ : ૨

## વિભાગ 2

4. (અ) તમારા પાઠયપુસ્તકમાંથી નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકા જવાબ લખો : 5

(1)

ખરી મઝા તો મંદિરના ઘુમ્મટ ઉપરથી અને તેની બાજુની અગાસીમાંથી સાબરને જોવાની છે. આખો વિશાળ વાક ત્યાંથી આંખમાં આવીને સમાઈ જતો હોય એટલો સ્પષ્ટ અને સુરેખ દેખાય છે. ઝંકાર કરતી કરતી એ કોઈ સુવર્ણઝાંઝરી પૃથ્વીમાતાના પાયને વીંટળાઈ વળી હોય એવું ઊંચેથી લાગે છે. મને બરાબર યાદ છે કે પ્રથમ એ સ્થાનેથી મે સાબરમતીને જોઈ ત્યારે સૂરજ આથમવાની તૈયારીમાં હતો. અને વર્ષાઋતુનાં જળભર્યા વાદળમાંથી પ્રતિબિંબિત થતી પ્રકાશની આભા નદીના પૂરને તપાવેલા સુવર્ણના રસ જેવી લાલ ચોળ બનાવી રહી હતી. પૂર ઓછાં હતાં એટલે રતુમડી રેતીનો વર્તુલાકાર વિશાળ પટ ત્રાંબાના એક મોટા થાળ જેવો પથરાઈ રહ્યો હતો અને એ થાળની કોરેકોરે કનકરસ ફેર ફરી રહ્યો હોય એવો નદીનો દેખાવ હતો. સૂરજ આથમી જશે એ બીકે દોડીને ઉપર ચડેલો હું હાંફતોહાંફતો આભો બનીને એ જોઈ જ રહ્યો.

પ્રશ્નો :

(1) સાબરમતીને જોવાની ખરી મઝા કયાંથી આવે છે ?
(2) સૂરજ કયારે આથમવાની તૈયારીમાં હતો ?
(3) લેખકે પ્રકાશની આભાને કોની ઉપમાં આપી છે ?
(4) રતુમડી રેતીનો વર્તુલાકાર પટ એક મોટા થાળ જેવો કેમ લાગતો હતો ?
(5) નદીના પટને ઝડપથી જોઈ લેવામાં લેખકને શેનો ડર હતો ?

(2)

મારા જીવનનું એક મોટુ સદ્‌ભાગ્ય છે કે હું ભાતભાતના દરિયાકિનારે ચાલ્યો છું. વેરાવળના દરિયા કરતા મુંબઈનો દરિયો જુદો. સાનફ્રાન્સિસ્કોનો દરિયો ધુમ્મસમાં વહેતા વિસ્તાર જેવો લાગે છે. કેરળના ત્રિવેન્દ્રમનો દરિયો એટલો ઘેરો વાદળી લાગે છે કે ખીસ્સામાંથી ફાઉન્ટન પેન કાઢી તે ભરી લેવાનું મન થાય. બ્રાઝિલના રીઓ – દ – જાનેરોનો દરિયો એવો ભુરો લાગે કે એમ થાય કે આની કરોડો લખોટીઓ બનાવી દુનિયાભરના બાળકોને વહેંચી દઈએ. હમણાં મોરિશિયસ ગયો ત્યારે ત્યાંનો ત્રુ – ઓ – બ્રીશનો દરિયો એટલો લીલો લાગ્યો કે બૂટ ઉતારી ત્યારે લોન પર ચાલવાનું મન થાય. મોરિશિયસનો દરિયો જોયો ત્યારે દારેસલામના દરિયા જેવું લાગે. પરદેશમાં હિંદી મહાસાગરને મળીએ ત્યારે હાથ ઝબોળવાનું મન થાય. ઠેઠ મોરિશિયસમાં હિંદી મહાસાગરના મર્મર ચોપાટીના દરિયાનું સંગીત સંભળાય અને આંખ સમક્ષ ચોપાટીનો માનવ મેળો ઊભરાય.

પ્રશ્નો :

(1) આ ગદ્યખંડમાં કુલ કેટલા દરિયાની વાત કરવામાં આવી છે ?
(2) લેખક પોતાને કઈ બાબત માટે નશીબદાર ગણાવે છે ?
(3) બ્રાઝિલના રીઓ – દ – જાનેરોનો દરિયોને જોઈને લેખકને કેવી લાગણી થાય છે ?
(4) મોરિશિયસનો દરિયો કયા દરિયા જેવો લાગે છે ?
(5) "માનવ મેળો" એટલે શું ?

(3)

"કરતા જાળ કરોળિયો" કવિતા લખનારે એમ તો, "સોયમાં દોરો પરોવતી ડોશી" પર પણ કવિતા લખી નથી. કરોળિયાને જાળું ગૂંથતા જેટલી વાર નિષ્ફળતા મળી એથી વધારે વાર દોરો પરોવવામાં મળે છે. પોલાણ અને નક્કરતાના ભેદ ભૂંસાય છે અને દોરાની અણી પાછી પડે છે, બૂઠી થઈ જાય છે, એને ફરી વળ ચઢાવીને ફરી અણી કાઢવી પડે છે, વારંવાર દૃષ્ટિસંધાન કરવું પડે છે, અર્જુનને પેલા પક્ષીને વીંધવા પહેલા એક આંખ બંધ કરીને બીજી આંખ ઝીણી કરીને લક્ષ્ય સાધવું પડે છે અને છતાં એક બાણે લક્ષ્ય વીંધનાર અર્જૂને સોયમાં દોરો પોરવવાનો પ્રયોગ કર્યો હોત તો એ બાણાવળી સોયના નાકાનું લક્ષ્ય અનેક વાર ચૂકી ગયો હોત ! સોયમાં દોરો પોરવવા માટે કેટલી ધીરજ, કેટલી ખંત રાખવી પડે છે, તે છતાં દોરો પાછો પડે છે. છતાં એની પાછળ પડેલી ડોશી પાછી પડતી નથી, એ તંતુ પોરવવાનો તંત ચાલુ જ રાખે છે. શ્વાસ રોકીને સોયના નાકાને દોરાની અણી અડાડે છે, પણ છેલ્લી ઘડીએ દોરો પાછો પડે છે તો ય એની પાછળ પડેલી ડોશી પાછી પડતી નથી. છતાં "સોયમાં દોરો પરોવતી ડોશી" એવું કાવ્ય કોઈ કવિએ ન લખ્યું તેમ "પેન્સિલ છોલતાં મહેતાજી" એ વિષય પર પણ કવિતા ન લખી ! માણસ, ખુદ માણસ પ્રત્યે જ કેટલો ઉદાસીન અને અન્ય જીવો પ્રત્યે કેવો પક્ષપાતી છે !

પ્રશ્નો :

(1) કરોળિયાની જાળું ગુંથવાની ક્રિયાને કઈ  ક્રિયા સાથે સરખાવામાં આવી છે ?

(2) "દૃષ્ટિસંધાન " એટલે શું ?

(3) પોલાણ અને નક્કરતાના ભેદ ભૂંસાતા શું થાય છે ?

(4) લેખકના મતે "કરતા જાળ કરોળિયો"  ઉપરાંત બીજા કયા કયા વિષયો પર કવિતાઓ લખાવી જોઈએ ?

(5) લેખકને એમ શાના પરથી લાગે છે કે માણસ માણસ પ્રત્યે જ  ઉદાસીન છે ?

(4)

એ રાતે રમણે દક્ષાને હમણાં હમણાં માથે આવીને પ્રકાશતો ગુરુ બતાવ્યો. પોતાના ગામમાં ગાંજો પી મસ્ત બનેલી બાવાની આંખ આ મંગળ જેટલી લાલ લાગતી હતી. એની વાત પણ એણે કહી. એક પણ વાદળી આકાશમાં ન હતી. ગામની સુધરાઈની દીવા, મિલના ભૂંગળા પર ઝગમગતી નિયોન લાઈટ્સ, સિનેમાઘરોની ઝબક જયોત – સહુના પ્રકાશ – અંધકારનું મિલન પડખેના છાપરાની ધારે દેખાતી ક્ષિતિજને આછા લાલ રંગે રંગતાં હતાં. ઘણી વાર તો રમવા નીકળેલા તારા એમાં ખોવાઈ જતા અને રમણને ખેદ સાથે પોતાની સાથે કામ કરનારે કહેલી વાત યાદ આવી જતી. ઘણી નોકરીઓ કરી હતી, ઘણી ગોળીનાં પાણી પીધાં હતાં એણે. એમાંના એક શેઠે એક વાર નક્કી કરેલા જંતર પર નક્કી કરેલો માનવી ન દેખાયો ત્યારે ભારે રોષ કરેલો. રમણનેય, પોતે નહિ, પણ પોતાનેય અમુક જંતર જડનાર મોટાનાય મોટા માલિકે નિયત કરેલા સ્થાને પેલો તારો ન દેખાયો ત્યારે રોષ ચડેલો.

પ્રશ્નો :

(1)  મંગળની લાલ રોશનીને કોની સાથે સરખાવી છે ?

(2)  રમણને કયારે ગુસ્સો ચડેલો ?

(3)  દક્ષાએ રમણે કયો તારો બતાવ્યો ?

(4) રૂઢિપ્રયોગ શોધી તેનો વાકયમાં પ્રયોગ કરો.

(5) આ પરિચ્છેદ કયા પાઠમાંથી લેવામાં આવ્યો છે ? એના લેખકનું નામ જણાવો.

(5)

વેપારીના આ શબ્દો સાંભળતા જ પક્ષી ઢળી પડયું અને પાંજરાની તળિયે જઈને પડયું. "તેના સ્વજનના મૃત્યુના સમાચારે તેને પણ મારી નાખ્યું" એમ વિચારીને દુઃખી થઈને વેપારીએ પંખીને ઊંચકયું અને બારીની પાળ પર મૂકયું. તરત જ પંખી બેઠું થયું અને પાસેના ઝાડ પર ઊડીને બેઠું. પંખી બોલ્યું : "હવે તમને ખબર પડી કે તમે જે સમાચારને અશુભ ગણતા હતા તે મારા માટે તો સારા હતા. જાતને મુકત કરવા

માટે મારે શું કરવું જોઇએ એ સંદેશા સૂચન તમારી મારફત મને કેવી રીતે પહોંચાડવામાં આવ્યા તેની પણ ખબર પડી." અને દૂર દૂર ઊડી ગયું અને મુકિત પામ્યું.

પ્રશ્નો :

(1) આ ફકરો કયા પાઠમાંથી લેવામાં આવ્યો છે ? તેના લેખક કોણ છે ?

(2) વેપારીના શબ્દો સાંભળતાં પંખીની શી દશા થઇ ?

(3) વેપારીએ શું કર્યુ ?

(4) પંખીની દશા જોઇને વેપારી શું સમજયો ?

(5) વેપારી જે સમાચાર લાવ્યો હતો તે પંખી માટે કઇ રીતે સારા હતા ?

(6)

સાબરમતી એ ઉતરગુજરાતની અંબા છે. એના નીરમાં મહી નદીનું ગાંભીર્ય કે નર્મદાની રૌદ્રતા નથી. નર્મદાની આમાન્યા પાળવી જ પડે. મહીનું માન રાખવું જ જોઇએ, પણ સાબરમતીને તો મન મોકળું મૂકી મળવા દોડાય એવી સરળ હૃદયની એ સહચરી છે. એના નીર આમથી તેમ ઓળંગી શકાય, એમાં છબછબીયા કરી શકાય અને છતાં એ નાનીસૂની નથી. મહી, તાપી અને નર્મદાની લગભગ સાથે બેસી શકે એવી સાબર એ પણ ગુજરાતની મહાનદી છે. ચોમાસાના ચાર માસમાં અજગરની પેઠે આડી પડેલી ગાંડી સાબરને જેણે જોઇ હોય, સામસામા આરાના લોકોને હાથ હલાવી હલાવીને સંજ્ઞા કરતાં અને છતાં દિવસો સુધી ન મળી શકતા જેણે દીઠા હોય, પૂર મોળાં પડયા પછી પણ ડરતાં – ડરતાં તરાપા કે હોળી પર એનાં નીર જેણે ઓળગ્યા હોય એને મન ભાગ્યે જ શંકા રહે કે સાબર એ મહાનદી છે.

પ્રશ્નો :

(1) સાબરમતીને ગુજરાતની અંબા શા માટે કહી છે ?

(2) સાબરમતીને સહચરી શા માટે કહી છે ?

(3) મહી અને નર્મદાના નીર માટે શું કહ્યું છે ?

(4) ગદ્યખંડમાં આવતી નદીના નામ લખો.

(5) ચોમાસમાં સાબર કેવી લાગે છે ?

(7)

મારા જીવનનું એક મોટુ સદ્ભાગ્ય છે કે હું ભાતભાતના દરિયાકિનારે ચાલ્યો છું. વેરાવળના દરિયા કરતા મુંબઇનો દરિયો જુદો. સાનફ્રાન્સિસ્કોનો દરિયો ધુમ્મસમાં વહેતા વિસ્તાર જેવો લાગે છે. કેરળના ત્રિવેન્દ્રમનો દરિયો એટલો ઘેરો વાદળી લાગે છે કે ખીસ્સામાંથી ફાઉન્ટન પેન કાઢી તે ભરી લેવાનું મન થાય. બ્રાઝિલના રીઓ – દ – જાનેરોનો દરિયો એવો ભુરો લાગે કે એમ થાય કે આની કરોડો લખોટીઓ બનાવી દુનિયાભરના બાળકોને વહેંચી દઇએ. હમણાં મોરિશિયસ ગયો ત્યારે ત્યાંનો ત્રુ – ઓ – બ્રીશનો દરિયો એટલો લીલો લાગ્યો કે બૂટ ઉતારી ત્યારે લોન પર ચાલવાનું મન થાય. મોરિશિયસનો દરિયો જોયો ત્યારે દારેસલામના દરિયા જેવું લાગે. પરદેશમાં હિંદી મહાસાગરને મળીએ ત્યારે હાથ ઝબોળવાનું મન થાય. ઠેઠ મોરિશિયસમાં હિંદી મહાસાગરના મર્મર ચોપાટીના દરિયાનું સંગીત સંભળાય અને આંખ સમક્ષ ચોપાટીનો માનવ મેળો ઊભરાય.

પ્રશ્નો :

(1) લેખક કયા કયા દરિયાકિનારે ચાલ્યા છે ? ?

(2) લેખકને સાનફ્રાન્સિસ્કોનો દરિયો કેવો લાગે છે ?

(3) ત્રીવેન્દ્રમનો દરિયો જોઇને લેખકના મનમાં કેવો ભાવ જાગે છે ?

(4) મકરોડો લખોટીઓ દુનિયાભરનાં બાળકોને વહેંચવાનું મન લેખકને કયારે થાય છે ?

(5) હિંદી મહાસાગર લેખકના મનમાં શેની સ્મૃતિઓ જગાડે છે ?

| | |
|---|---|
| (બ) કોઈ પણ ત્રણ પ્રશ્નોના બેથી ત્રણ વાકયોમાં ટૂંકા જવાબ લખો : | 6 |

(1) લેખકને પશ્ચિમના જીવનમાંથી શું સ્વીકારવા જેવું અને શું ત્યાગવા જેવું લાગે છે ?
(2) હિંદથી પાછા ફરેલા વેપારીએ કેદમાં રહેલા પંખીને કયા સમાચાર આપ્યા ?
(3) લોકમત પ્રમાણે સાબર 'સાબરમતી' કયાં આગળ બને છે ?
(4) 'જાહેર સેવકને અંગત ભેટો ન હોય' વિધાન સમજાવો.
(5) એક વાર રમણ શા માટે આકુળવ્યાકુળ થઈ ગયો ?
(6) શાકયો અને કાલિયો વચ્ચેના ઝગડાનું સમાધાન ભગવાન બુદ્ધે કેવી રીતે કર્યુ ?
(7) લેખકને સાબર એ મહાનદી શા માટે લાગે છે ?
(8) રોહિણી નદીને તીરે કયા કયા ગામના લોકો અને શા માટે ભેગા થયા હતા ?
(9) ગાંધીજીને કયા કયા પ્રકારની ભેટ – સોગાદો મળી અને તેનું તેમણે શું કર્યુ ?
(10) સાબરનો બીજો સંગમ કયાં થાય છે અને લોકભાષમાં એને શુંકહેવામાં આવે છે ? <u>અથવા</u> લોકમત પ્રમાણે સાબર 'સાબરમતી' કયાં આગળ બને છે ?
(11) નાનાભાઈએ ગૌરીશંકર રસોયાને શા માટે છૂટો કર્યો ?
(12) પંચપટરણીઓને મનાવવા લેખેકે શું શું કર્યુ ?
(13) લેખકે શા માટે રવિવારે આરામ ન કરવાનું નક્કી કર્યુ ?
(14) લેખક પેઢીમાં ગયા ત્યારે ત્યાં બધા શું કરી રહ્યા હતા ?
(15) પાણીની ખેંચ પહેલા શાકયો અને કાલિયો વચ્ચે કેવા સંબંધો હતા ?
(16) ગાંધીજીને ભેટ સોગાદો કોણે આપી ?
(17) વેપારીએ હિંદના પંખીને શું પૂછયું ? પંખીએ તેનો શું જવાબ આપ્યો ?
(18) નાનાભાઈ સંસ્થામાં હોય ત્યારે તેમનો ક્રમ કેવો હતો ?
(19) ભેટો સ્વીકારવા ગાંધીજીનું મન કેમ માનતું ન હતું ?
(20) દેલવાડા તથા કોટયાર્ક પાસે સાબર સાથે બીજી કઈ કઈ નદીઓનું મીલન થાય છે તથા એ મિલનને લોકભાષામાં શું કહે છે ?

| | | |
|---|---|---|
| 5. | (અ) નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : | 8 |

(1) એરિયલના થાંભલા જોઈને રમણને શી લાગણી થઈ ?
(2) ભેટ સંદર્ભે ગાંધીજીનું મનોમંથન વર્ણવો.
(3) લેખકને સાબર એ મહાનદી શા માટે લાગે છે ? <u>અથવા</u>
'સંગમ શોભના સાબરમતી'માં લેખકે કરેલું મહાનદી સાબરમતીનું વર્ણન કરો.
(4) નાનાભાઈનું પાત્રાલેખન કરો.
(5) શાકયો અને કાલિયો વચ્ચેના ઝગડાનું સમાધાન ભગવાન બુદ્ધે કેવી રીતે કર્યુ ? <u>અથવા</u>
'રોહિણીને તીરે' કથામાં કઈ સમસ્યા રજૂ થઈ છે અને તેનો શો ઉકેલ સૂચવાયો છે ?
(6) 'આંગળી ઝાલીને એને દોરજે' પત્રમાં આલેખાયેલા જીવનમૂલ્યો સ્પષ્ટ કરો.
(7) હિંદનું પંખી પાંજરામાંથી કેવી રીતે મુકિત મેળવે છે ?
(8) કસ્તુરબાના કયાં વાકયો ગાંધીજીને અણિયાળા બાણ સમાન લાગે છે ?
(9) નાનાભાઈએ લેખકને ધર્મપ્રચાર વિશે શું કહ્યું ?
(10) દક્ષાએ ત્રીજા માળની ઓરડી કેમ પસંદ કરી ?
(11)લેખક કઈ પંચપટરાણીની વાત કરે છે ? તેમની પાસેથી કયા કયા કામ લીધા ?
(12)લેખકે પેન્સિલ છોલતા મહેતાજીનું નિરૂપણ કઈ રીતે કર્યુ છે ?
(13)ભીની રેતીમાં ચાલવાનો લેખકનો અનુભવ કેવો છે ?
(14)'આભલનો ટૂકડો' શીર્ષકની યથાર્થતા સમજાવો.

(બ) નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : 6

(1) 'નાનાભાઈ' પાઠનો પ્રકાર જણાવો.
(2) "આકાશમાં ઉકરડો કરશે તો એના ઉપર જ પડશે ને ?" ઉકિત કોણ બોલે છે અને કોને કહે છે ?
(3) 'દેશગમન' પાઠ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?
(4) 'સંગમશોભના સાબરમતિ' પાઠ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?
(5) 'હિંદનું પંખી' પાઠના લેખક કોણ છે ?
(6) 'દર્શક' કોનું ઉપનામ છે ?
(7) "બાળકોને જેમ ચડાવો તેમ ચડે." આ ઉકિત કોણ બોલે છે ?
(8) "રોહિણીના તીરે " કૃતિના લેખક જણાવો.
(9) "દક્ષા" કઇ કૃતિનું પાત્ર છે ?
(10) કુન્દનિકા કાપડિયાનુ ઉપનામ જણાવો
(11) "આંગળી ઝાલીને એને દોરજે !" કૃતિનો પ્રકાર જણાવો.
(12) "શંભુભાઈ" કયા પાઠનું પાત્ર છે ?
(13) 'આંગળી ઝાલીને એને દોરજે' કૃતિનો પ્રકાર જણાવો.
(14) "આ સામે દેખાય છે તે દરિયાની પેલી બાજુ મુંબઈ છે." આ વાકય કોણ બોલે છે અને કોને કહે છે ?
(15) 'નાનાભાઈ'પાઠ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?
(16) 'સંગમશોભના સાબરમતી' કોણે લખ્યું છે ?
(17) 'દરિયા કિનારે'નો પ્રકાર જણવો.
(18) 'અનિલ' કોનું ઉપનામ છે ?
(19) "સમાચાર સારા નથી ઉકિત કોણ બોલે છે ?
(20) 'નાનાભાઈ' પાઠના લેખક જણાવો.
(21) 'વેપારી' કઇ કૃતિનું પાત્ર છે ?
(22) 'દરિયા કિનારે' કૃતિના લેખકનું નામ જણાવો.
(23) 'રોહિણીના તીરે' પાઠમાં આવતા પાત્રોના નામ લખો.
(24) "ત્યારે બાને તમે સમજાવશોને" ઉકિત કોણ બોલે છે અને કોને કહે છે ?
(25) 'સંગમશોભના સાબરમતી' પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.
(26) 'આભલાનો ટૂકડો' પાઠના લેખકનું નામ જણાવો.
(27) 'રોહિણીના તીરે' કયા પ્રકારની વાર્તા છે ?
(28) "આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઇએ" –પ્રસ્તુત વાકય કોને ઉદ્દેશીને લખાયુ છે ?
(29) 'આંગળી ઝાલીને એને દોરજેના!' ના મૂળ લેખકનું શું નામ હતું ?

6. (અ) નીચેની કાવ્યપંકિતઓ વાંચી તેની નીચે આપેલા બધા જ પ્રશ્નોના ટૂંકા ઉત્તર લખો : 4

(1)

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં :
માધવ, કયાંય નથી મધુવનમાં.
કાલિન્દીનાં જલ પર ઝૂકી
પૂછે કદંબડાળી યાદ તને બેસી અહી વેણું
વાતા'તા વનમાળી ?

(1) ભમરો ગુંજન દ્વારા કઇ વાત વહેતી કરે છે ?
(2) કદંબડાળી કોને શું પૂછે છે ?

ધમાલ ન કરો, – જરાય નહિ નેન ભીના થશો, –
ઘડી બ ઘડી જે મળી, – નયન વારિ થંભો જરા,
કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માગલ્ય કો !

(1) કવિ નયનોને સંબોધીને શું કહે છે ?
(2) કવિ શું જોઈને નયનોને કૃતાર્થ થવાનું કહે છે ? કેમ ?

(2)

મોખરે ધપે હસી હસી જુવાન ડોસલો !
સર્વ સાથ – કોઇ ના – બધું સમાન : એકલો !
રાષ્ટ્રદેવ ! રાષ્ટ્રપ્રાણની પીછે સૌ ધસ્યા !
એક એ અનંતમાંથી સિંધુ સાત ઊમટયા !

(1) સૌથી આગળ કોણ અને કેવી રીતે ચાલે છે ?
(2) "સર્વ સાથ – કોઇ ના – બધું સમાન : એકલો"નો અર્થ શું થાય ?
(3) ગાંધીજીની યાત્રામાં લોકો કઈ રીતે ઉમટી પડે છે ?
(4) ઉપરની પંક્તિઓમાં ગાંધીજી માટે કેટલા અને કયા કયા શબ્દો વપરાયા છે ?

(3)

ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને મેં
ખુલ્લુ મ્હારું ઉપવન સદા પંખીડાં સર્વને છે

(1) આ કાવ્ય પંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?
(2) કવિએ માળીને શેની ના પાડી છે ?

અરે જુઓ વિશ્વ અનુભવીને,
પૂજે જનો સૌ ઉગતા રવિને;
આવી પડે અસ્ત થવાનું જયારે
કોઈ ન છાંટે લઈ કંકુ ત્યારે.

(1) લોકો કોની પૂજા કરે છે ?
(2) લોકો કયારે કોને કંકુના બે છાંટાય નાખતા નથી ?

(4)

દિનેશ ડૂબ્યો પ્રતિબિંબ દીસે
આશ્ચર્ય જોતાં ઉપજે અતિશે
જાણે રિપુને છળવા વિચાર્યુ
ભાનુ પ્રભુએ કૃત્રિમરૂપ ધાર્યુ

(1) સૂર્ય(દિનેશ) ડૂબતા શું જણાય છે ?
(2) સૂર્યે કૃત્રિમરૂપ ધારી કોને છળવા વિચાર્યુ છે ?

એ લોકો પહેલા કાપડના તાકા ભરી રાખે છે.
પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે વારંવાર વેચે છે.

(1) ‘એ લોકો’ શબ્દ પ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?
(2) એ લોકો વારંવાર કાપડ કયારે વેચે છે ?

(5)

જ્ઞાન વિના ભકિત નવ થાય, જયમ ચક્ષુહીણો જયહાં ત્યહાં અથડાય,
તે માટે જ્ઞાની ગુરુ કરો. જે હરિ દેખાડે સભરે ભર્યો

(1) ઉપરની પંકિતઓ કયા કાવ્યની છે અને કવિ કોણ છે ?
(2) ભકિત કરવા માટે શું હોવું જરૂરી છે એની તુલના કોની સાથે કરવામાં આવી છે ?
(3) જ્ઞાન કોણ કરાવે ? તેનાથી શું ફાયદો થાય ?
(4) ગુરુ માટે શિષ્યએ કઇ બાબત ધ્યાન રાખવી જોઇએ ? ગુરુ શિષ્યને શું દેખાડે છે ?

(6)

દંતાળી ખાંધે ધરી ખેડુ કોઇ, કવિ કરે તર્કે વિતર્ક જોઇ,
ધરા રૂપી સ્ત્રી તણી કાંકસી છે, જાણે કૃષિકારકને જડી છે.

(1) ખેડૂત ખંભે શું લઇને આવે છે ?
(2) કવિએ દંતાળીને શેનું રૂપ આપ્યુ છે ?
(3) દંતાળને જોઇ કવિ શું કહે છે ?
(4) કૃષિકારક શબ્દનો અર્થ જણાવો.

(7)

અનાથના નાથને વેચે આહીરની નારી
શેરીએ શેરીએ સાદા પાડે : "લ્યો કોઇ મુરારી !"

(1) ‘અનાથના નાથ’ અને ‘આહીરની નારી’ તે કોણ ?
(2) મુરારીને વેચવા નીકળેલી ગોપીનો કયો મનોભાવ પ્રગટ થાય છે ?

રાષ્ટ્રદેવ ! રાષ્ટ્રપ્રાણની પીછે સહુ ધસ્યા !
એક એ અનંતમાંથી સિંધુ સાત ઊમટયા !

(1) કવિ રાષ્ટ્રદેવ અને રાષ્ટ્રપ્રાણ કોને કહે છે ?
(2) ‘સાત સિંધુ’ શબ્દનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

(બ) નીચેનામાંથી કોઇ પણ ત્રણ પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : 12

(1) ‘સપૂત’ કાવ્યમાં પ્રગટતી સપૂતની ખંત – ખુમારીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.
(2) ‘મને જોઇને ઊડી જતાં પંક્ષીઓને’ કાવ્યના કવિ માનવ સ્વભાવ વિશે કયું દુઃખ અનુભવે છે ?
(3) ‘સાંયકાળે’ કાવ્યના આધારે સંધ્યા સમયનું વર્ણન તમારા શબ્દોમાં લખો.
(4) અખાના મતે શેનું શેનું અભિમાન નડે છે ?

(5) શ્રી કૃષ્ણ વિનાના મધુવનમાં ગોપીઓની વિરહ વેદના કેવી રીતે વ્યકત થઇ છે ?<u>અથવા</u>
'માધવ કયાંય નથી મધુવનમાં' ઊર્મીગીતમાં આલેખાયેલી કૃષ્ણવિરહની વેદના આલેખો.
(6)અગ્નિ અને ધુમાડાના દ્દષ્ટાંતથી અખો શું સુચવે છે ?
(7)સાયકાળે માર શા માટે ટહુકા કરે છે ?
(8)'નમુ'માં માનવતાની જીત શી રીતે દર્શાવાઇ છે ?
(9)'છેલ્લુ દર્શન'કાવ્યમાં કવિનો દામ્પત્ય – પ્રેમ કેવી રીતે વ્યકત થયો છે ? <u>અથવા</u>
'છેલ્લુ દર્શન' કાવ્યમાં કવિ મૃત પત્નીને કઇ રીતે અંજલી આપે છે ?
(10) 'પલ'કાવ્યમાં સમયના કયા સ્વરૂપો આલેખાયા છે ?
(11) 'ભોળી રે ભરવાડણ' કાવ્યના આધારે ગોપીના કૃષ્ણ પ્રેમનું વર્ણન કરો.
(12) 'મને ચાકર રોખોજી' કાવ્યમાં વ્યકત થયેલો માનવજીવનનો મહિમા વર્ણવો.
(13) 'આવ્યો છુ તો...' કાવ્યમાં વ્યકત થયેલો માનવજીવનનો મહિમા વર્ણવો.
(14) 'નમુ' કાવ્યનું વકતવ્ય સ્પષ્ટ કરો.
(15) અખો અભિમાની ગુરુને કયા શબ્દોમાં વર્ણવે છે ?
(16) 'સાંયકાળે' કાવ્યમાં ગાયોના કવિ દલપતરામ કોની કોની સાથે સરખાવે છે ?

| 7. | (અ) નીચેના પ્રશ્નોના એક – એક વાકયમાં ઉત્તર લખો : | 5 |
|---|---|---|

(1) સોળ સહસ્ત્ર એટલે શું ?
(2) મીરાંબાઇને શ્રીકૃષ્ણના દર્શન કયાં અને કયારે થાય છે ?
(3) ગોવાળને જોઇને લોકો કેમ ખુશ થાય છે ?
(4) મોર શા માટે ટહુકા કરે છે ?
(5) 'સાંયકાળે'કાવ્યમાં કવિએ સૂર્ય માટે કયા કયા શબ્દો પ્રયોજયા છે ?
(6) જોગી, સન્યાસી અને સાધુ કેમ આવ્યા ?
(7) આથમતા સૂરજ માટે કવિ શી કલ્પના કરે છે ?
(8) કવિએ શેની પાંખડીઓ ઊઘડવાની વાત કરી છે ?
(9) "છેલ્લુ દર્શન" કાવ્યમાં કવિએ મૃત્યુની ઘટનાનું કેવી ઘટના તરીકે નિરૂપણ કર્યુ છે ?
(10) પલને શેની શેની અસર થતી નથી ?
(11) કવિ 'જુવાન ડોસલો' કોને કહે છે ?
(12) પંખીઓ કેમ ઊડી જાય છે ?
(13) 'એ લોકો ' શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?
(14) બીજા દુહામાં બગલા અને કાગડાના દ્દષ્ટાંત દ્વારા શું કહેવાયુ છે ?
(15) કવિ આંખોના આંસુને કેમ થોડીવાર થોભી જવા કહે છે ?
(16) કાદવમાં ઊગેલુ કમળ કોના મસ્તકે ચડે છે ?
(17) 'પલ' એટલે શું ?
(18) ભરવાડણ કોને વેચવા ચાલી નીકળી છે ?
(19) કવિએ માળીને શું કહ્યું છે ?
(20) મીરાંબાઇએ શ્રીકૃષ્ણનું વર્ણન કયા શબ્દોમાં કરાવ્યું છે ?

| (બ) નીચેનામાંથી કોઇ પણ બે પ્રશ્નોના ૨થી૩ વાકયોમાં જવાબ લખો : | 4 |
|---|---|

(1) ઊડી જતાં પંખીઓને કવિ શું કહે છે ?
(2) કવિને માનવતાની જીત શેમાં લાગે છે ?
(3) 'સપૂત'કાવ્યના અંતમાં સપૂતની કઇ ઝંખના વ્યકત થઇ છે ?
(4) કવિ મૃતપત્નીને કઇ કઇ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

(5) વૃંદાવન અને કુરૂક્ષેત્રના ઉલ્લેખ દ્વારા શાનો સંકેત કરવામાં આવ્યો છે ?
(6) કવિ ફૂલ બનીને ફળતા જવાનું કેમ ઇચ્છે છે ?
(7) શ્રીકૃષ્ણનું દર્શન કરવા માટે કયા કયા માર્ગ મીરાંબાઈએ દર્શાવ્યા છે ?
(8) મટુકી ઉતારતાં વ્રજનારીને મૂર્છા કેમ લાગી ગઈ ?
(9) જાતમહેનત વિશે મુકતક શું પ્રબોધે છે ?
(10) કવિને 'એ લોકો' પ્રત્યે શા માટે આક્રોશ છે ?
(11) 'નમુ' કાવ્યમાં કવિ ઈશ્વરને કયાં કયાં જૂએ છે ?
(12) પત્નીના સ્મરણ માટે કશું જ ન લેવાનું કવિ શા માટે કહે છે ?

Didar Hemani
E Mail : Deedardilwala@yahoo.com
Ph : 9975112970